Jaihind

Skipper Limited announces its arrival in Gujarat with its new manufacturing facil

Date: 15/04/2015 | Edition: Ahmedabad | Page: 5 | Source: Bureau | Clip size (cm): W: 10 H: 20

Clip: 1 of 1

India Media Monitor

### સ્કીપર લિ. દ્વારા

# ગુજરાતમાં પીવીસી પાઈપ્સનું ઉત્પાદન એકમ સ્થાપવા જાહેરાત

અમદાવાદ, તા. ૧૪

ભારતમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન (ટીએનડી) ઈન્ફ્રાસ્ટ્રકચર અને વોટર ટ્રાન્સમિશન સેકટર્સમાં ટોચની ત્રણ કંપનીઓમાંથી એક સ્કિપર લિ. (બીએસઈ:૫૩૮૫૬૨)એ ગુજરાતમાં નવા પીવીસી પાઈપના ઉત્પાદન એકમ સાથે રાજ્યમાં તેના આગમનની જાહેરાત કરી છે. પુર્વીય ભારતની બહાર વિસ્તરણ કરતાં સ્કિપર લિમિટેડનો નવો સેટેલાઈટ પ્લાન્ટ આંતરરાષ્ટ્રીય ધારાધોરણની પીવીસી પાઈપ્સની શ્રેષ્ઠ બ્રાન્ડ મારફત ગ્રાહકની નિકટતાની જરૂરિયાત પૂરી કરશે. ભારતમાં પીવીસી પાઈપ ઉત્પાદકોમાં અગ્રણી સ્થાન ધરાવતી કંપનીએ ગુજરાતમાં પગ મુકવા સાથે જ જળસંસાધન ઉદ્યોગમાં તેની મહત્વાકાંક્ષી યોજનામાં તેનું સૌપ્રથમ પગલુ ભર્યું છે. કેટલીક સામાજિક જવાબદારીની પહેલો હાથ ધરનાર સ્કીપર સેન્ટર ઓફ એકસલન્સનો કાર્યક્રમ સ્કીપર સાથી પણ વિકસાવશે. આ સેન્ટર ખેડૂતો અને પ્લમ્બિંગ કોમ્યુનિટીને મફત તાલિમ આપશે. કંપનીએ આ પહેલા હેઠળ ગુજરાતમાં ૨૦૦૦ અર્ધ કુશળ અથવા અકુશળ પ્લમ્બર્સ અને ૧૦,૦૦૦ ખેડૂતોને તાલિમ આપી છે. તેનીઆ પહેલ મારફત કંપનીનો આશય પ્લબિંગ અને કૃષિ સેકટર માટે સક્ષમતા અને વિકાસના આધારે જથ્થા અને ગુણવત્તામાં તાલિમબધ્ધ મેનપાવરની વેલ્યુ ચેઈનની વિકસતી જરૂરિયાત પુરી કરવામાં નોંધપાત્ર યોગદાન આપવાનો છે.

**પ્લમ્બર્સ-ખેડૂતોને નિઃશુલ્ક તાલીમ માટે સેન્ટર ઓફ એક્સલન્સ સ્કીપર સાથીની રચના કરાશે**

સ્કીપર લિ.ના ડિરેકટર દેવેશ બંસલે જણાવ્યું હતું કે ભારતીય પીવીસી પાઈપ્સ અને ફિટિંગ્સ બજાર નાણાકીય વર્ષ ૨૦૧૯ સુધીમાં રૂા. ૩૯૧ અબજનું થઈ જશે. તેમાં વાર્ષિક ૮-૧૦ ટકાની વૃધ્ધિ જોવા મળે છે. નવીનતાઓ અને અત્યાધુનિક ટેકનોલોજીથી ઉત્પાદિત ઉત્પાદનો પર ચાલતી ખૂબ જ ઝડપથી વિકસી રહેલી કંપની તરીકે અમારો ધ્યેય અમારી મુલ્ય વર્ધિત સ્પર્ધાત્મક વસ્તુઓ સાથે દેશમાં શક્ય એટલા વધુ ગ્રાહકો સુધી પહોંચવાનો છે. અમારી વિતરણ યોજનાઓ માટે રાષ્ટ્રીય સ્તરે રૂા. ૩૦૦ કરોડની ફાળવણી કરી છે.

સ્કીપર લિ.ના ડિરેકટર સિધ્ધાર્થ બંસલે જણાવ્યું હતું કે અમદાવાદમાં ૧૦,૦૦૦થી વધુ એમટીની ઉત્પાદન ક્ષમતા સાથે સ્કીપર ગુજરાતમાં સૌથી વધુ ઉત્પાદન કરતી ટોચની કંપનીઓમાં સ્થાન મેળવશે. આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના બજારમાં ૧૦ ટકા બજાર હિસ્સો કબજે કરવા પર અમારી નજર છે. આગામી કેટલાક વર્ષમાં વર્તમાન ઉત્પાદન ક્ષમતાને અંદાજે ૪૦,૦૦૦ એમટી સુધી લઈ જવાની કંપનીની યોજના છે. ગુજરાતમાં નવો એકમ વિશ્વ સ્તરના ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે લેટેસ્ટ પાઈપ એકસ્ટ્રુસન મશીનરીથી સજ્જ હશે. એકમ લગભગ ૮૦ ટકા ઓટોમેટિક ટેકનોલોજીથી સજજ હશે. જેને પગલે તે ઉદ્યોગમાં સૌથી વધુ ઓટોમેટિક ટેકનોલોજીથી સજ્જ એકમોમાંનો એક બની ગયો છે.